# પાસ લેવા પ્રધાનો અને બાબુઓની પડાપડી

## મોટેરા સ્ટેડિયમમાં આયોજિત સૌથી ભવ્ય કાર્યક્રમને સફળ રીતે પાર પાડવા તંત્ર સામે પડકાર : સ્ટેડિયમમાં ૩૦ હજાર બસ અને ૨૦૦૦ ખાનગી વાહનો

અમદાવાદ, તા.૧૯ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદના મોટેરા સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરવા માટે પહોંચનાર છે સાથે સાથે અન્ય કાર્યક્રમો છે. આને ધ્યાનમાં લઈને અભૂતપૂર્વ આયોજન અમદાવાદ શહેરમાં કરવામાં આવી રહ્યું છે ત્યારે મોટેરા સ્ટેડિયમમાં આયોજિત નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમના એન્ટ્રી પાસ લેવા માટે મંત્રી અને અધિકારીઓમાં પડાપડી થઈ રહી છે. ઈવેન્ટના પાસ લેવા માટે બનતા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ભારતીય કંટ્રોલ બોર્ડ દ્વારા વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરાની ઈમેજ જારી કરી દીધી છે. બીસીસીઆઈ દ્વારા તેના સત્તાવાર ટ્વીટર હેન્ડલ પર ૭૦૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવેલા




મોટેરાની ઈમેજ જારી કરી છે. બીજી બાજુ આ કાર્યક્રમને લઈને અધિકારીઓ અને મંત્રીઓ તથા બાબુઓમાં પડાપડી થઈ રહી છે. ગુજરાત સચિવાલયના ટોપ અધિકારીઓની પાસે હાલમાં મંત્રીઓ અને અધિકારીઓની અવર જવર આશ્ચર્યજનક રીતે વધી ગઈ છે. આ તમામ અધિકારીઓ ચક્કર લગાવી રહ્યા છે. જેમને મોટેરા સ્ટેડિયમના ઉદ્ઘાટન કાર્યક્રમની આયોજન માટેની જવાબદારી સોંપવામાં આવી છે. મોદી અને ટ્રમ્પની સાથે આ કાર્યક્રમમાં સામેલ થવા તમામ લોકો ઈચ્છુક છે.

ગુજરાત સરકારના સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે આઈએએ અધિકારીઓની પાસે વરિષ્ઠ મંત્રીઓના કોલ આવી રહ્યા છે. પોતાના પરિવાર, સગા સંબંધીઓ અને મંત્રીઓ માટે તેમ મિત્રો માટે ગેટ પાસ માંગવામાં આવી રહ્યા છે. વિજય રૂપાણી સરકારના એક પ્રધાને માહિતી આપતા કહ્યું છે કે પારિવારિક સભ્યો, મિત્રો, ધારાસભ્યો, સાંસદ મોટેરા સ્ટેડિયમમાં આયોજિત થનાર નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમના એન્ટ્રી પાસ સતત માંગી રહ્યા છે. આ કાર્યક્રમને લઈને લોકોમાં જોરદાર ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરંતુ પાસ માટે કોઈની પણ પાસે જવામાં આવે તો કોઈ બાબત ખુલી રહી નથી. કેટલાક મોટા મોટા ઉદ્યોગપતિ પણ વીઆઈપી પાસ માંગી રહ્યા છે. હાલમાં તેમને ઈન્તજાર કરવા માટે કહેવામાં આવી રહ્યું છે.

મંત્રીએ માહિતી આપતા કહ્યું છે કે સરકાર અને સંગઠનમાં સામેલ ભાજપ નેતાઓને લાગી રહ્યું છે કે સમર્થકોને પાસ આપીને તેમના દિલ જીતવાના મોકા રહેલા છે. મંત્રીના કહેવા મુજબ આટલા મોટા આયોજનની તૈયારીમાં એન્ટ્રી પાસ મળવાની બાબત પણ મુશ્કેલરૂપ બની રહી છે. મંત્રીઓ માટે અધિકારીઓ પાસેથી એન્ટ્રી પાસ માંગવાની બાબત શરમજનક સ્થિતિ ઉભી કરે છે. આવા મોટા કાર્યક્રમોમાં મંત્રીઓ અને વરિષ્ઠ પાર્ટી નેતાઓનએ યોગ્ય મહત્વ મળે છે. મોદી-ટ્રમ્પના ઈવેન્ટ પાસ મેળવવા માટે મંત્રીઓ અને બાબુઓમાં પડાપડી થઈ રહી છે. આગામી દિવસોમાં આયોજનને લઈને ચિત્ર વધુ સ્પષ્ટ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. નમસ્તે ટ્રમ્પ ઈવેન્ટના આયોજનમાં સામેલ થયેલા અધિકારીઓએ કહ્યું છે કે સૌથી મોટો પડકાર મોટેરા સ્ટેડિયમમાં લોકોની સાનુકુળ એન્ટ્રી અને એક્ઝિટ



માટેનો છે. આશરે ૩૦ હજાર બસ અને ૨૦૦૦થી વધુ વાહનો સ્ટેડિયમ પહોંચનાર છે. અલબત્ત પાર્કિંગને લઈને વિગતવાર માહિતી જાહેર કરવામાં આવી ચુકી છે. સ્ટેડિયમના પાર્કિંગ લોટમાં હજારો વાહનોની એન્ટ્રી થનાર છે.

ટ્રાફિકની કોઈ તકલીફ ન થાય તે માટે પણ આયોજન થઈ રહ્યા છે. વિસત ચાર રસ્તાથી સ્ટેડિયમને જોડતા રસ્તા પર કોઈ અંધાધૂંધી ન થાય તે માટે આયોજન થઈ રહ્યું છે. ગાંધીનગરથી સ્ટેડિયમ રોડ સુધી જોરદાર આયોજન કરાયું છે.

# મોટેરા ખાતે ટ્રમ્પ-મોદીને ફુલ પ્રુફ સિક્યુરિટી અપાશે

## એરપોર્ટથી સાબરમતી આશ્રમ, મોટેરાના માર્ગોની તપાસ

અમદાવાદ શહેરમાં નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમને લઈને તંત્ર દ્વારા અંતિમ તૈયારીઓ કરી



લેવામાં આવી છે. મોટેરામાં ૪૫૦૦થી વધુ પોલીસ જવાનો મોરચા સંભાળી ચુક્યા છે. અહીં નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમનું આયોજન ૨૪મી ફેબ્રુઆરીના દિવસે આયોજિત કરવામાં આવનાર છે.

શહેર પોલીસ કમિશનર આશિષ ભાટીયા કહી ચુક્યા છે કે તેઓ અમદાવાદ પોલીસના તમામ ૧૨ ડેપ્યુટી કમિશનરો સાથે બેઠક યોજી ચુક્યા છે. ટ્રમ્પની યાત્રા માટે સુરક્ષા વ્યવસ્થાના સંદર્ભમાં આ વાતચીત થઈ છે.

બેઠકમાં એવો નિર્ણય પણ કરાયો છે કે પોલીસ જવાનોની તૈનાતી તરત જ કરવામાં આવે જેના ભાગરૂપે સ્ટેડિયમમાં આજથી જ તૈનાતી શરૂ થઈ ચુકી છે. ટ્રમ્પ અને મોદીને ફુલ પ્રુફ સિક્યુરિટી કવર આપવા માટેનું આ આયોજન કરવામાં આવ્યું છે. સોમવારે મોડી રાત્રે શહેર પોલીસ કમિશનર દ્વારા શહેરના એરપોર્ટથી લઈને સાબરમતી આશ્રમ અને ત્યારબાદ મોટેરા સ્ટેડિયમ સુધીના રૂટની નિરીક્ષણ કામગીરી નિહાળી હતી. સાથે સાથે જ્યાં પણ તકલીફ દેખાઈ છે ત્યાં તકલીફો દુર કરાઈ છે. ટુંકમાં અભૂતપૂર્વ તૈયારીઓને અંતિમ ઓપ અપાયો છે.

# ટ્રમ્પની એક્સક્લુસિવ યાત્રા

## વોશિંગ્ટન ડીસીથી સીધી અમદાવાદની ઉડાણ ભરશે

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદના મોટેરા સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરવા માટે પહોંચનાર છે સાથે સાથે અન્ય કાર્યક્રમો છે. આને ધ્યાનમાં લઈને અભૂતપૂર્વ આયોજન અમદાવાદ શહેરમાં કરવામાં આવ્યું છે. બીજી બાજુ ટ્રમ્પ ભારતની એક્સક્લુઝિવ યાત્રા કરી રહ્યા છે. વોશિંગ્ટન ડીસીથી સીધી રીતે અમદાવાદ માટે ઉડાણ ભરશે. અમેરિકી પ્રમુખ કાર્ટર, ઓબામા બાદ આ રીતે ભારત પહોંચનાર તેઓ ત્રીજા પ્રમુખ બનનાર છે. ભારતની યાત્રા કરી ચુકેલા અમેરિકી પ્રમુખ ઉપર નજર કરવામાં આવે તો સૌથી પહેલા ૧૯૫૯માં ડીઆઈજન હાવર આવ્યા હતા. હવે ટ્રમ્પ આવનાર છે. ભારતની યાત્રા કરનાર અમેરિકી પ્રમુખો નીચે મુજબ છે.

| પ્રમુખ | કેટલા દિવસ | ક્યાં ગયા |
|---|---|---|
| આઈજનહાવર | ૯-૧૪ ડિસેમ્બર ૧૯૫૯ | નવી દિલ્હી, આગ્રા |
| રિચર્ડ નિકસન | ૩૧મી જુલાઈ-૧ ઓગસ્ટ ૧૯૬૯ | નવી દિલ્હી |
| જીમી કાર્ટર | ૧-૩ જાન્યુઆરી ૧૯૭૮ | દિલ્હી, દોલતપુર, નસીરાબાદ |
| બિલ ક્લિન્ટન | ૧૯-૨૫ માર્ચ ૨૦૦૦ | દિલ્હી, આગ્રા, જયપુર, મુંબઈ |
| જ્યોર્જ બુશ | ૧-૩ માર્ચ ૨૦૦૬ | દિલ્હી, હૈદરાબાદ |
| ઓબામા | ૬-૯ નવેમ્બર ૨૦૧૦ | મુંબઈ-નવી દિલ્હી |
| બરાક ઓબામા | ૨૪-૨૭ જાન્યુઆરી ૨૦૧૫ | નવી દિલ્હી |
| ડોનાલ્ડ ટ્રમ્પ | ૨૪-૨૫ ફેબ્રુઆરી ૨૦૨૦ | અમદાવાદ, આગરા, દિલ્હી |

# ગાંધી આશ્રમ છાવણીમાં ફેરવાયું

## ગાંધી આશ્રમની આસપાસ રોડ રસ્તાઓ વ્યવસ્થિત કરી દેવાયા : ચારેબાજુ બેરીકેડ મુકાયા : ખૂબસુરતી વધારાઈ

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અમદાવાદ યાત્રાને લઈને તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં



પહોંચી ચુકી છે. તંત્રના લોકો ચોવીસ કલાક કામે લાગેલા છે. ટ્રમ્પનું સ્વાગત કરવા અભૂતપૂર્વ આયોજન થઈ રહ્યું છે. ઐતિહાસિક ગાંધીઆશ્રમની આસપાસના વિસ્તારને નવા રંગરૂપ સાથે રજુ કરતા શહેરના લોકો પણ હવે ગર્વ અનુભવ કરી રહ્યા છે. ચારેબાજુ બેરીકેડ અને રોડ રસ્તા વધુ સુંદર બનાવી દેવામાં આવ્યા છે. ગાંધીઆશ્રમ ટ્રમ્પના આગમન પહેલા જ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે.

અમેરિકાનાં રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલેનિયા ટ્રમ્પ તેમ જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતને લઈ સાબરમતી ગાંધીઆશ્રમમાં સ્ટેજ બનાવવા, પડદા લગાવવા સહિતની મહત્વની કામગીરી હાથ ધરવામાં આવી છે. તો બીજીબાજુ, ટ્રમ્પ, તેમના પત્ની અને મોદીની સુરક્ષાને લઈ ગાંધીઆશ્રમમાં અને તેની ફરતે લોખંડી સુરક્ષા વ્યવસ્થાનું અભેદ્ય કવચ ઉભુ કરાઈ રહ્યું છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી તા.૨૪ ફેબ્રુઆરીએ અમદાવાદ આવી રહ્યાં છે, તેના એક દિવસ પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાત આવી પહોંચે તેવી પૂરી શક્યતા છે. ત્યારે તેમની મુલાકાતને લઈને અમદાવાદમાં પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. ખાસ કરીને ગાંધી આશ્રમના કાર્યક્રમને લઈને તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ગાંધી આશ્રમમાં સ્ટેજ , પડદા બનાવવા, સુરક્ષા વ્યવસ્થા સહિતની કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી છે. ટ્રમ્પ અને તેમના પત્ની ગાંધી આશ્રમમાં ૩૦ મિનિટ જેટલું રોકાણ કરવાના છે. તેમના આગમન સાથે જ સૌપ્રથમ ગાંધી આશ્રમ દ્વારા બંન્ને મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવશે. મોદી અને ટ્રમ્પ આશ્રમમાં આવેલી ગાંધીજીની પ્રતિમા પાસે જશે. જ્યાં તેઓ ગાંધીજીને સુતરની આંટી પહેરાવી બાપુને વંદન કરશે. ત્યાંથી તેઓ મગન નિવાસમાં જશે. ગાંધીજી જે ઓરડીમાં રહેતા હતા અને જે ચરખા પર રેંટિયો કાંતતા હતા, તે જગ્યા એટલે કે હૃદયકુંજમાં જશે. જ્યાં મોદી, ટ્રમ્પ અને તેમના પત્નીને સમગ્ર માહિતી આપશે અને ટ્રમ્પ ત્યાં રેંટિયો કાંતશે. ત્યારબાદ તેઓ સાબરમતી નદી કિનારે બનાવેલા સ્ટેજ પરથી નદીનો નજારો માણશે. રિવરફ્રન્ટ પરથી મ્યુનિસિપલ સ્કૂલના બાળકો બંન્ને દેશના ધ્વજ હાથમાં રાખી તેઓનું અભિવાદન



કરશે. ટ્રમ્પ અને મેલેનિયાને પીએમ મોદી ગાંધીજી અને તેમના આશ્રમ વિશેની ઐતિહાસિક જાણકારી આપી માહિતગાર કરશે. સાથે સાથે ટ્રમ્પ દંપતી આશ્રમમાં આવેલા મ્યુઝિયમની પણ મુલાકાત લેશે અને વિઝિટર બુકમાં નોંધ પણ લખશે.

આશરે ૩૦ મિનિટ જેટલા સમયગાળામાં સાબરમતી, ગાંધી આશ્રમની મુલાકાત ટ્રમ્પ દંપતીને યાદગાર બને તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગાંધી આશ્રમમાં કેટલીક જગ્યાઓએ પડદા મારી દેવામાં આવશે. ખાસ કરીને હૃદયકુંજની પાછળ પણ પડદા મારવામાં આવશે. આજે એસપીજીએ સલામતી વ્યવસ્થાને લઈ ગાંધીઆશ્રમની મુલાકાત લીધી હતી.

રિવરફ્રન્ટ તરફ જવાની લોબી પાસે સામાન્ય લોકોને જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. બંને મહાનુભાવોની મુલાકાત ટાણે નાગરિકોને પ્રવેશ નહી અપાય અને સુરક્ષાની ખાસ તકેદારી રાખવામાં આવશે. આ માટે ગાંધીઆશ્રમ અને તેની ફરતે અભેદ્ય સુરક્ષા કવચ ઉભુ કરાઈ રહ્યું છે.

# ટોપ કલાકારો, ક્રિકેટરોને નિમંત્રણ અપાયું

## રહેમાન, સોનુ નિગમ, શાન પણ છવાઈ જશે : ગુજરાતી લોકગાયકો કિર્તિદાન ગઢવી અને પાર્થિવ ગોહિલ પણ પરફોર્મ કરશે : તમામ પ્રવાસીઓ, અન્ય માટે સુવિધા

અમદાવાદના ઐતિહાસિક મોટેરા મેદાન ખાતે નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમને લઈને તમામ તૈયારીઓ થઈ રહી છે. તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. પ્રાપ્ત માહિતી મુજબ આ કાર્યક્રમમાં ચાર વોટર સપ્લાય લેયરની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આશરે પાંચ લાખ બાયોડિગ્રેડેબલ કપ અને ચાર લેયર પાણી પુરવઠાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. પેક પાણીની બોટલો પણ સંબંધિત જિલ્લા અધિકારીઓ દ્વારા પ્રવાસીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. રાજ્ય પરિવહનની બસોમાં પ્રવાસીઓ પહોંચનાર છે. તેમના માટે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ૨૮ પાર્ટિંગ પ્લોટના દરેકમાં પાણીની વ્યવસ્થા રહેશે. કપમાં પાણી ઉપલબ્ધ રહેશે. ત્રીજી લેયરમાં સ્ટેડિયમ તરફ દોરી જતા માર્ગ રહેશે. પ્રાપ્ત માહિતી મુજબ ૧૦૦થી વધારે પાણી વિતરીત કરતા પોઈન્ટ બનાવવામાં આવશે. કોઈપણ પ્રવાસી ૧૫થી ૨૦ મીટર ચાલીને તેમની તરસ મિટાવી શકશે. આ સંદર્ભમાં પણ બેઠકોના દોર ચાલી રહ્યા છે. બેથી ૧૦ લાખ લીટર ક્ષમતા સાથે અંડરગ્રાઉન્ડ પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. ચીફ સેક્રેટરી, રાજ્યના ડીજીપી, શહેરના પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર સ્ટેડિયમની સતત મુલાકાત લઈને તૈયારીઓમાં ધ્યાન આપી રહ્યા છે. તમામ પાર્કિંગ વિસ્તારમાં પણ એમ્બ્યુલન્સ અને મેડિકલ ટીમ તૈયાર રાખવામાં આવી છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે અન્ય તમામ આયોજન પણ છે. જેમાં ટોપ ક્રિકેટરોને આમંત્રણ આપવામાં આવ્યું છે. બોલિવુડ, ઢોલીવુડના કલાકારો, ગાયક કલાકારો અને અન્યો પણ પહોંચનાર છે. વ્યવસ્થા અને લોકોને મેદાનની અંદર લઈ જવામાં આવશે.

### ગુજરાત મોખરે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેશના પાંચ ટકા વસ્તી ધરાવતું ગુજરાત ઔદ્યોગિક રોકાણો માટેના ઈરાદા પત્રોમાં સમગ્ર દેશના અડધા ઉપરાંત એટલે કે ૫૧ ટકા સાથે અગ્રેસર રહ્યું છે. વિશેષ ઉલ્લેખનીય બાબત એ છે કે, પ્રથમ ક્રમે રહેલા ગુજરાત અને બીજા ક્રમના રાજ્ય મહારાષ્ટ્ર વચ્ચે ત્રણ ગણો તફાવત પડયો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પારદર્શી અને સ્વચ્છ પ્રશાસન સાથે રાજ્યમાં ઊદ્યોગોને વધુ પ્રમાણમાં પ્રેરિત કરવા ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસનો જે વ્યાપ વિસ્તાર્યો તથા સિંગલ વીન્ડો કલીયરન્સ પણ સફળતાથી અમલી બન્યું છે તેની ફલશ્રુતિએ આ રોકાણોમાં વધારો થયો છે. ગુજરાતમાં ઊદ્યોગ સ્થાપવા ઈચ્છુક ઊદ્યોગકારોને સરળતાએ જમીન તેમજ જરૂરી પરવાનગીઓ વિના વિલંબે મળી રહે તેવી સુદ્રઢ વ્યવસ્થા શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ઓનલાઈન વિકસાવવામાં આવી છે.

એટલું જ નહિ, ઊદ્યોગકારો અને સર્વિસ સેકટરમાં ઈઝ ઓફ ડૂઈંગ વધારવાના હેતુસર નિયત ધોરણો કરતાં પણ વધુ ઉદારત્તમ ધોરણો અપનાવી ઊદ્યોગકારોને વ્યાપક સુવિધા આપવામાં આવે છે.

ગુજરાતે મેન્યૂફેકચરીંગ હબ, ઓટોમોબાઈલ હબની જે ખ્યાતિ મેળવેલી છે તેમાં ઑઈસ્ને પરિણામે હવે નવાં સેકટર્સનો પણ ઉમેરો થતાં ગુજરાત મુખ્યમંત્રીશ્રીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં હોલિસ્ટીક ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટમાં દેશનું અગ્રીમ રાજ્ય બનશે.

### ભૂકંપના એંધાણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે અમને સચિવાલયમાં પ્રવેશવાનો મોકો મળશે અને અમારા કામો થશે. કોંગ્રેસના એક નારાજ ધારાસભ્યએ કહ્યું હતું કે રાજ્યમાં કોંગ્રેસનું સંગઠન અસ્તાચળ ભણી છે. ગુજરાતમાં કોંગ્રેસ ક્યારેય ઉભી થઈ શકવાની નથી. કોંગ્રેસ પાસે છેલ્લા ૨૮ વર્ષથી સત્તા નથી અને ૨૦૨૨નું ભાવિ પણ અંધકારમય લાગે છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અત્યારથી જ ૨૦૨૪ લોકસભાની તૈયારી શરૂ કરી છે ત્યારે કેન્દ્રમાં પણ કોંગ્રેસની સરકાર આવી શકે તેમ નથી. આ સંજોગોમાં કોંગ્રેસના ધારાસભ્યો પાર્ટી છોડીને ભાજપમાં જોડાય તેમાં ખોટું નથી.

કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ત્રણ સભ્યો કુંવરજી બાવળિયા, જવાહર ચાવડા અને ધર્મેન્દ્રસિંહ જાડેજાને કેબિનેટ મંત્રી બનાવ્યા છે ત્યારે તેઓ અમારા કામો કરી રહ્યાં છે તેવું અન્ય એક ધારાસભ્યએ કહ્યું હતું. તેમણે કહ્યું કે અમે ભાજપમાં હોઈશું તો અમારા કામો થશે, વિપક્ષમાં બેસીને અમે કંઈ કરી શકીએ તેમ નથી, કારણ કે કોંગ્રેસના સંગઠનના નેતાઓને ધારાસભ્યોની પડી નથી. મોવડીમંડળ પણ આંખ બંધ કરીને બેઠું છે. કર્ણાટકની સરકાર ગુમાવવા પાછળનું કારણ પણ કોંગ્રેસના નેતાઓ છે. જક્કી અને જડ વલણના કારણે કોંગ્રેસે તેના શાસનમાંથી એક રાજ્ય ઓછું કર્યુ છે.

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીમાં હાલના સંખ્યાબળને જોતાં ભાજપને બે અને કોંગ્રેસને બે બેઠકો મળે તેમ છે. ભાજપની સભ્યસંખ્યા ૧૦૩ છે અને કોંગ્રેસના સભ્યોની સંખ્યા ૭૨ છે. કોંગ્રેસના આઠ કે દસ ધારાસભ્યો ક્રોસ વોટીંગ કરે તો ભાજપને ત્રણ અને કોંગ્રેસને માત્ર એક જ બેઠક મળે તેમ છે. ભાજપના કેન્દ્રીય મંત્રી અમિત શાહની પ્રેરણાથી ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષે ક્રોસવોટીંગ થવાનો મોટો ભય ઉભો થયો છે, જો કે એ પહેલાં કોંગ્રેસની સભ્યસંખ્યા ઘટાડી દેવામાં આવે તો ભાજપની સ્ટેટજી સફળ થાય તેમ છે તેથી ભાજપના મોવડીઓની નજર કોંગ્રેસના ધારાસભ્યો પર ઠરેલી છે.

### લોકાર્પણના અભાવે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવાસ ઈચ્છુક કર્મચારીઓ પણ આ આવાસોની ફાળવણીની વાટે છે. પરંતુ હજુ સુધી આ આવાસોમાં કર્મચારીઓનો વસવાટ થયો નથી. સે-૭ અને સે-૨૯ માં નવી આવાસ યોજનામાં કર્મચારીઓ તેમના પરિવારજનો સાથે વસવાટ કરી રહ્યા છે. એકબાજુ શહેરમાં જુના અને જર્જરિત મકાનો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના લીધે આવાસોની ઘટતી સંખ્યા સામે ડીમાન્ડ વધી છે. સરકારી ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. ત્યારે સે-૩૦માં ટાવર કોલોની તૈયાર કરી દેવાયા બાદ હજુ સુધી આ નવા મકાનોનુ લોકાર્પણ કરાયુ નથી. અગાઉ ગેસ પાઈપલાઈનના લીધે આ કામગીરી ખોરંભે પડી હતી.જયારે આ કામગીરી પણ પુર્ણ કરી દેવાયા બાદ હજુ સુધી આ મકાનો કર્મચારીઓને ફાળવવા માટે લોકાર્પણની વિધિનુ આયોજન થયુ નથી. આ આવાસોના લોકાર્પણ મામલે મંત્રી કક્ષાએથી તારીખ આખરી થતી ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આ સ્થિતિ વચ્ચે આવાસ માટે વલખા મારતા કર્મચારીઓને મકાનો તૈયાર હોવાછતા ચાવી મળી શકતી નથી.

### ૨૫ હજાર જોડાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટીમ હાજર રહેશે. દરેક રૂટ પરથી નીકળનારી એસ.ટી. બસોનું જી.પી.એસ. દ્વારા મોનીટરીંગ થશે. આ માટે જિલ્લાકક્ષાએ તેમજ સ્ટેટ કક્ષાએ ખાસ કંટ્રોલરૂમ પણ બનાવાશે. રસ્તામાં બસ બગડે તો ૭૦ જેટલી બસો અમદાવાદ ખાતે ખાસ રિઝર્વ રાખવામાં આવશે. "નમસ્તે ટ્રમ્પ" કાર્યક્રમને લઈ મોટેરા સ્ટેડિયમ ખાતે ૩૦ બેડની ઈમરજન્સી હોસ્પિટલ પણ ઉભી કરવામાં આવનાર છે. ડાયાબીટીસ અને બી.પી.ની બિમારી ધરાવતા લોકોને આ કાર્યક્રમથી દૂર રાખવામાં આવશે તેમ હાલ નક્કી કરવામાં આવ્યું છે.

આ બન્ને કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વ્યક્તીનું પોલીસ વેરીફીકેશન પણ કરવામાં આવનાર છે. આ ઉપરાંત બસમાં રૂટ સુપરવાઈઝર અને પોલીસ કર્મી હશે. મળતી વિગતો પ્રમાણે આ બન્ને કાર્યક્રમમાં ભાગ લેવા જનાર વ્યક્તી તેની સામાજિક પરંપરાગત વસ્ત્રોમાં આવે તે પણ જોવાશે. આ ઉપરાંત કાર્યક્રમમાં જતા પહેલાં અને કાર્યક્રમ બાદ ખાસ ફૂડપેકેટ પણ આપવા માટેની વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. આ બન્ને કાર્યક્રમોની તડામાર તૈયારી હાલ તંત્ર દ્વારા ચાલી રહી છે. આ કાર્યક્રમમાં યુવાઓ વધુમાં વધુ જોડાય તેના પર પણ ભાર મુકવામાં આવ્યો છે.

### પ્રવાસી શિક્ષકો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શરૂ થઈ જશે. જયારે પ્રવાસી શિક્ષકોની મુદત ૩૧ માર્ચના રોજ પુર્ણ થશે. જેના લીધે નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે શિક્ષકોની ઘટનો પ્રશ્ન મુખ્ય બને તેમ છે જયારે શિક્ષકોના અભાવ વચ્ચ કામ કરવાનુ પણ મુશ્કેલ બને તેમ છે. ત્યારે આગામી સ્થિતિને ધ્યાને લઈ શુ કરવુ તે અંગે શાળાના સંચાલકો પણ ચિંતા અનુભવી રહ્યા છે. જયારે પ્રવાસી શિક્ષકોને છુટા કરવાના મામલે પણ અસમંજસ જેવી સ્થિતિ છે. કાયમી શિક્ષકો બોર્ડના પેપરની ચકાસણીમાં લાગી જશે. જયારે એપ્રિલથી ધો -૯ તી ૧૧ની પરીક્ષાનુ આયોજન કરવાના મામલે પણ સવાલો મંડરાયા છે.

### પાક વિમો

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાભ ૫.૫ કરોડ ખેડૂતોએ ઉઠાવ્યો છે. તેમણે કહ્યું હતું કે પ્રધાનમંત્રી પાક વીમા યોજનામાં કુલ ૧૩,૦૦૦ કરોડ રુપિયાનો વીમો થયો હતો. જેમાંથી ૭ હજાર કરોડ રુપિયા ક્લેમના રુપમાં આપવામાં આવ્યા છે. ખેડૂતો માટે હિતૈષી કાર્યક્રમ શરુ કરવામાં આવ્યા છે. મંત્રીમંડળે પાક વીમા યોજનામાં સંશોધનને મંજૂરી આપી છે. જેથી ખેડૂતો માટે સ્વૈચ્છિક બનાવવામાં આવ્યો છે.

કૃષિ મંત્રીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી પાક વીમા યોજના અંતર્ગત હાલ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર પ્રીમિયમનું ૫૦-૫૦ ટકા યોગદાન આપે છે. જોકે નોર્થ-ઈસ્ટના ખેડૂતો માટે સરકારે મોટું પગલું ભર્યુ છે. અહીં પાક વીમા પ્રીમિયરમાં ૯૦ ટકા યોગદાન કેન્દ્ર અને ૧૦ ટકા રાજ્યનું રહેશે. આ સિવાય ૩ ટકા યોજનાની રકમ પ્રાશસનિક વ્યવસ્થા પર રહેશે.

### વિકાસના મુદ્દે ચર્ચા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર વચ્ચે જુદા જુદા વિષય ઉપર ખેંચતાણ જારી રહી હતી. જોકે આ વખતે કેજરીવાલે સહયોગના રસ્તા ઉપર ચાલવાની ઈચ્છા વ્યક્ત કરી છે. હાલમાં જ યોજાયેલી દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં અમિત શાહે જોરદાર આક્રમક પ્રચાર કર્યો હતો. શાહીનબાગ સહિત અનેક મુદ્દા પર કેજરીવાલ સરકારને ઘેરવાના પ્રયાસ કરાયા હતા. ચુંટણીમાં આમ આદમી પાર્ટીને ૭૦ વિધાનસભા સીટ પૈકી ૬૨ સીટો મળી હતી. જીતી લીધી ભાજપને આઠ સીટોથી સંતોષ માનવાની ફરજ પડી હતી.

### ત્રાસવાદી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘાટ ઉતારી દેવામાં આવેલા ત્રાસવાદીઓની ઓળખ થઈ શકી નથી. જો કે આ ત્રાસવાદીઓ સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવવા અને રાજ્યમાં હિંસા ફેલાવવાની ખતરનાક યોજના ધરાવતા હતા. ત્રાસવાદીઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ મંગળવારે મોડી રાત્રે કાર્યવાહી હાથ ધરી હતી. પુલવામા જિલ્લાના ત્રાલ વિસ્તારમાં ચારેબાજુથી ઘેરાબંધી કરીને તપાસ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. તપાસ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળો પર છુપાયેલા ત્રાસવાદીઓ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવતા ત્રણ ત્રાસવાદીઓ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. મંગળવારે સાંજે જમ્મુ કાશ્મીર પોલીસ, સીઆરપીએફ અને સેનાની સંયુક્ત ટીમે ત્રાલમાં ત્રાસવાદીઓની સામે કાર્યવાહી હાથ ધરી હતી.

### 'નો ડિલ'

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે ઘણો જ મોટો વ્યાપાર સોદો કરવાના છીએ. પરંતુ ચૂંટણી (પ્રમુખપદની ચૂંટણી) પહેલાં એ કરવામાં આવશે કે કેમ એની મને ખબર નથી. પરંતુ અમે ભારત સાથે મોટો સોદો કરવાના છીએ એ તો નક્કી છે.'

ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો વિશે ટ્રમ્પે અસંતોષ વ્યક્ત કર્યો હતો. એમણે કહ્યું કે, 'ભારતે અમેરિકા સાથે સારો વ્યવહાર કર્યો નથી.' ટ્રમ્પે જોકે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી અને કહ્યું કે, 'મને વડા પ્રધાન મોદી સાથે ઘણું સારું બને છે. અમદાવાદના એરપોર્ટ અને ત્યાંના સ્ટેડિયમમાં નિર્ધારિત કાર્યક્રમ માટે અમને ૭૦ લાખ જેટલા લોકો આવકારવા માટે એકત્ર થશે.